## સંક્ષિપ્ત સમાચાર

### ભિલોડા તાલુકા માધ્યમિક શિક્ષક સંઘ ૧૨મું શૈક્ષણિક અધિવેશન યોજાશે

ભિલોડા, તા.૩

ભિલોડા તાલુકા માધ્યમિક શિક્ષક સંઘ ૧૨મું શૈક્ષણિક અધિવેશન સ્વસ્તિક શીશુ વિહાર પ્રાયમરી સ્કુલમાં તા.૪/૩/૨૦૧૬ ને શુકવાર યોજાશે. ભિલોડા તાલુકા માધ્યમિક શિક્ષક સંઘ પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,ઉપપ્રમુખ આર.ડી.પટેલ, મહામંત્રી કે. કે. પટેલ, સહમંત્રી ડી. કે. ઝાલા, મંત્રી ડી. જે. પટેલના જણાવ્યા મુજબ સમારંભ અધ્યક્ષ રઘજીભાઈ પી.પટેલ સદસ્ય ગુજરાત મા. ઉ. મા. બોર્ડ, ગાંધીનગર, ઉદ્‌ઘાટક એ. પી. ઝાલા અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી, રાજેન્દ્રકુમાર પારઘી પ્રમુખ અરવલ્લી જીલ્લા પંચાયત સહિત અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેશે.

### ભિલોડા શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદીરના વિદ્યાર્થીઓ કરાટે સ્પર્ધામાં ચેમ્પીયન

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના સંયુક્ત ઉપક્રમે કરાટે સ્પર્ધાનો કાર્યક્રમ હિંમતનગર સાબર સ્ટેડીયમમાં તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે પુર્વ ગૃહમંત્રી પ્રફુલ્લભાઈ પટેલ, સાબરકાંઠા જીલ્લા કલેક્ટર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદીરના ૩૦ વિદ્યાર્થીઓએ કરાટે સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ભિલોડા શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદીર ના વિદ્યાર્થીઓએ ચેમ્પીયન બન્યા હતા. ૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૫ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ અને ૧૧ વિદ્યાર્થીઓને બ્રોન્ઝ મેડલ મળ્યા હતા. ભિલોડા શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદીર, સ્ટાફ પરીવાર અને સંસ્થા પરીવાર ધ્વારા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

### ભિલોડામાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયના ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત શિક્ષણ સમિતી ચેરમેન શુભેન્દ્રસિંહ સિસોદીયા, બલભદ્રસિંહ ચંપાવત, મુકેશભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા, વિમલભાઈ ઉપાધ્યાય, વી.ટી.ચૌહાણ, રોહિતભાઈ ત્રિવેદી, રાજેશભાઈ પંડ્યા, શાંમળભાઈ પટેલ, મુકેશભાઈ ત્રિવેદી તેમજ સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા એન. આર. એ. વિદ્યાલયના ધો-૧૦ અને ધો-૧૨ ના વિદ્યાર્થીઓનો આગામી બોર્ડની પરીક્ષાઓ નિમિત્તે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### પરોયામાં યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામના રહીશ ગણપતસિંહ નારણસિંહ વાઘેલા ઉં.વ. ૩૫ મંગળવારે રાત્રે પોણા બે વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જેથી વાઘેલા પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ અંગે પરોયાના વિક્રમસિંહ બલવંતસિંહ વાઘેલાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં મોબાઈલ ટાવર દૂર કરવા નાયબ કલેક્ટરનો હૂકમ

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્માના દેવીનગરમાં ઉભા કરાયેલા તોતીંગ મોબાઈલ ટાવરને અન્યત્ર ખસેડવા માટે રહીશો છેલ્લા ત્રણ વર્ષથી લડત ચલાવી રહ્યા હતા. આ કેસ ખેડબ્રહ્મા વિભાગના નાયબ કલેક્ટરની કોર્ટમાં ચાલી જતાં બીન ખેતી રહેણાંકવાળા પ્લોટમાં શરત ભંગ થતો હોઈ જમીન મહેસુલના કાયદા મુજબ પ્લોટ માલીકે સ્વખર્ચે ટાવર દૂર કરવાનો હૂકમ કર્યો છે. જેથી બીનખેતી રહેણાંક પ્લોટમાં કરાર કરી મોબાઈલ ટાવર ઉભા કર્યો છે તેઓમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્માના દેવીનગરના રહીશો મુકેશકુમાર ભુરાલાલ મહેતા, ડૉ. દુષ્યંતભાઈ દરજી, સુમનભાઈ જીવણભાઈ પટેલ, અમૃતલાલ કુવરજીભાઈ બારોટ તથા શારદાબેન કનૈયાલાલ ત્રિવેદી સહીત ૨૦ કરતા વધુ રહીશોએ ૧૪૦ ફૂટ ઉંચો ટાટા કંપનીનો મોબાઈલ ટાવર અન્યત્ર ખસેડવા માટે છેલ્લા ત્રણ વર્ષથી લડત ચલાવી રહ્યા હતા.

આ ટાવર વીઓમ નેટવર્ક લી. તથા કોઠારી ચંપાલાલ આશાલાલે કરાર કરી રે.સ. નં. ૧૭૫ પ્લોટ નં. ૬૦ અને સીટી સર્વે નંબર ૩૧૯૩માં કરાર કરી ઉભો કરવામાં આવ્યો હતો. વી ઓમ નેટવર્ક લી.એ મોબાઈલ ટાવર ઉભો કરવા કરવાની માળખાકીય સુવિધા પુરી પાડવા કામકાજ કરેલ છે અને સરકાર તથા નગરપાલિકા પાસે જરૂરી લાયસન્સ મેળવ્યા છે. મોબાઈલ ટાવર રહેણાંક વિસ્તારમાં ઉભો કરવા સામે પ્રતિબંધ નથી પણ મોબાઈલ ટાવર વાળી જમીન રહેણઆંકના હેતુસરની બીન ખેતી થયેલ જમીન છે. તેનો ઉપયોગ મોબાઈલ ટાવર બનાવીને વાણિજ્ય હેતુસર થતા શરતભંગ થયો છે.

આમ આ કેસ ખેડબ્રહ્મા વિભાગના નાયબ કલેક્ટર વિ.આર. સકસેનાની કોર્ટમાં ચાલી જતાં નાયબ કલેક્ટરે સીટી સર્વે નંબર ૩૧૯૩ની જમીનમાં કોઠારી ચંપાલાલ આશાલાલે રહેણાંક પ્લોટમાં વાણીજ્યનો ઉપયોગ કરેલ હોઈ સામાવાળાએ સ્વખર્ચે મોબીલ ટાવર દૂર કરવા હૂકમ કર્યો છે અને આ અંગે અમલવારી કરવા સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ અને તલાટીને જાણ કરી હતી.

### શિહોરી ખાતે ગૌ રક્ષકો દ્વારા બાઈક રેલી યોજાઈ

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે ગૌરક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલી બનાસ કોમ્પ્લેક્ષથી પ્રારંભ થઈ દુગાવાડાના હનુમાન મંદિરે પહોંચી હતી. બાઈક રેલી દરમિયાન પથમેડાના રાધાકિશનજી મહારાજનું દુગાવાડા પાસે ફુલહારથી સન્માન કરાયું હતું. બાઈક રેલીમાં 'જય ગૌમાતા' ના નારા સાથે ગૌરક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં ગૌ રક્ષકદળના પ્રમુખ છત્રસિંહ ડાભી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં ગૌરક્ષકો એસ.એસ. ધોની, આકાશ જોષી, ગણેશ જોષી, ગણપતલાલ પ્રજાપતિ, રાકેશ શર્મા, ભરત રાવલ, ભારત વિકાસ પરિષદના જીતુભાઈ જોષી, મેરૂભા, રવિ વાણિયા, વિપુલ દેસાઈ, ઉન્નતભાઈ શાહ, માનપુરના કાકુભા વાઘેલા, આકોલીના જેસંગભાઈ ચૌધરી, બનાસ કોમ્પ્લેક્ષના ગોવિંદભાઈ જોષી સહિત ૫૦ બાઈક સવારો જોડાયા હતા.

# જમીન કેસની અદાવતમાં મહેતાપુરાના યુવક પર પાઈપ-લાકડીઓ વડે હૂમલો

હિંમતનગર, તા. ૩

હિંમતનગરમાં મોતીપુરા સર્કલ નજીકથી સોમવારે રાત્રે બાઈક પર આવી રહેલા મહેતાપુરાના યુવક પર કારમાં આવેલા ત્રણ શખ્સોએ આંતરી પાઈપ અને લાકડી વડે હૂમલો કરતા ઘવાયેલા યુવકને સારવાર માટે હિંમતનગરની સિવિલમાં ખસેડાયો છે. જમીન બાબતના કેસની અદાવતમાં હૂમલો કરનાર બેરણાના શખ્સ સહિત ત્રણ જણા વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર મહેતાપુરાના રામજી મંદિર પાસે રહેતા ભાનુપ્રતાપસિંહ જયેન્દ્રસિંહ રાઠોડ સોમવારે રાત્રે દસેક વાગ્યાના સુમારે મોતીપુરા સર્કલ નજીક યામાહાના શૉ-રૂમ સામેથી પોતાની બાઈક પર પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન બેરણાના બલવંતસિંહ બાલુસિંહ પરમાર અન્ય બે અજાણ્યા શખ્સો સાથે કારમાં આવી બાઈક આગળ કાર ઉભી કરી દીધી હતી. ત્યારબાદ હાથમાં લોખંડની પાઈપ સાથે કારમાંથી ઉતરેલા બલવંતસિંહ પરમારે ભાનુપ્રતાપસિંહના માથાના ભાગે પાઈપ ફટકારી દીધી હતી. તેમજ બે અજાણ્યા અન્ય શખ્સોએ પણ લાકડીઓ સાથે ઉતરી યુવકને લાકડીઓ ફટકારી અમારી વિરૂદ્ધ જમીન બાબતનો કેસ કર્યો છે. જેથી તને જાનથી મારી નાખવો છે તેમ કહી ગાળો ભાંડી હતી. હૂમલાની ઘટના બાદ લોકો ભેગા થઈ જતા હૂમલાખોરો કાર લઈ નાસી છુટ્યા હતા. જ્યારે હૂમલાને કારણે ઘવાયેલા ભાનુપ્રસાતપસિંહને સારવાર માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

હૂમલાની ઘટનાનો ભોગ બનેલા યુવકે મંગળવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બેરણાના બલવંતસિંહ બાલુસિંહ પરમાર તેમજ અન્ય બે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ઘટના અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# કાંકરેજના આકોલી ખાતે રાધેકૃષ્ણ મંદિરના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

કાંકરેજ, તા. ૩

બનાસકાંઠામાં કાંકરેજના આકોલી ગામે શ્રી રાધેકૃષ્ણ મંદિરના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ

યોજવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં આકોલીની વાસુપુજ્ય ઈલેવને હારિજની ટીમને ૨૨ રને પરાજય આપ્યો હતો.

છેલ્લા ૬૩ દિવસથી આકોલી ખાતે રમાઈ રહેલ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ૨૦૦થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં આકોલીની વાસુપુજ્ય ઈલેવને પ્રથમ બેટિંગ કરતા ૧૬ ઓવરમાં ૪ વિકેટે ૨૩૬ રનનો જંગી સ્કોર ખડક્યો હતો. જવાબમાં હારિજની ટીમે ૧૬ ઓવરમાં ૮ વિકેટે માત્ર ૨૧૪ રન કરતા ૨૨ રને પરાજય થયો હતો. આકોલીની ટીમ વતી ઝહિર વડગામાએ શાનદાર સદી ફટકારી હતી. આ મેચમાં આકોલીની ટીમમાં કૃણાલ શાહ કેપ્ટન ઉપરાંત શૈલેશ ભરવાડ, લાલી પઠાણ, દેવાંગ ખત્રી, ઝહિર વડગામા, સુરેશ ભુદરિયા, ફારૂક મીર, રાકેશ મકવાણા, આશિફ, હસમુખ ભરવાડ અને સુમિત રમ્યા હતા. ફાઈનલ મેચમાં હજારોની સંખ્યામાં જનમેદની ગરૂડેશ્વર સ્ટેડિયમ ખાતે ઉમટી હતી.

મેચના અંતે આકોલીના કેપ્ટન કૃણાલ શાહ ઉર્ફે બકાએ રાધેકૃષ્ણ મંદિરમાં રૂ. ૨૧ હજારનું દાન આપ્યું હતું. આ મેચ નિહાળવા બનાસકાંઠાના રમતગમત સેલના કન્વીનર અને યુવા નેતા ભરતસિંહ ભટેસરીયા સહિત વિજુભા, બચુભા, ગાંડાજી માસ્તર અને કોમેન્ટેટર દિનુભા રાઠોડ ભાભરવાળા ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### મેઘરજ તાલુકામાંથી અલગ અલગ ગામોમાં જીઈબીના દરોડા

મેઘરજ તાલુકામાં બુધવાર સવારે મેઘરજ જીઈબી અને ગુજરાતની અલગ અલગ જિલ્લાઓમાં વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા ૩૦ જીપોના કાફલા સાથે તાલુકાના અલગ અલગ ગામોમાં વીજ ચેકિંગ હાથ ધરાયું હતું. જે દરમ્યાન ડચકા, બેલ્યો, બાંઠીવાડા, બચકાદાંતી, લાલકુપા, ગોધાવાડા, મોટી પંડુલી, જામગઢ, રેલ્લાવાડા, હુંઢેરા, જામગઢ, કદવાડી, કસાણા, સારંગપુર, વાઘપુર, છીંકારી, ઉકરડી, લખીપુર, પાલ્લા, સુરદેવી, ડુગરાગોડ, કાલીયાકુવા, મુડશી, રાજપુર ગામોમાં ૫૨ ગ્રાહકો વીજ ચોરીમાં ઝડપાયા હતા. જેમાં રૂ. ૮,૮૮ હજારની વીજ ચોરી ઝડપાઈ હતી.

### કોમ્પ્યુટરના તાલીમાર્થીઓને ટેબલેટ આપવાનું વિસરાયું

રાજય સરકાર દ્વારા યુવાનો સ્વરોજગારી મેળવી શકે તે માટે કૌશલ્યોનો વિકાસ થાય અને વ્યવસાય લક્ષી શિક્ષણને વેગ મળે તે હેતુથી આઈટીઆઈ કે કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. આ કૌશલ્ય વર્ધન કેન્દ્રો દ્વારા કેટલાય બેરોજગાર યુવાનો તાલીમ મેળવી પગભર થવા પ્રયત્ન કરે છે ત્યારે રાજય સરકાર દ્વારા કોમ્પ્યુટરનો ૬ માસનો કે તેથી વધુ સમયનો કોર્ષ કરનાર તાલીમાર્થીને ટેબલેટ આપવાની જાહેરાત કરી મુકી છે. પરંતુ જે તે વિભાગ દ્વારા તેનો અમલ થતો નથી. જેમ કે અરવલ્લી જિલ્લાના મોડાસા તથા વડાગામ ખાતે કોમ્પ્યુટર આધારિત કોપાનો કોર્ષની તાલીમ પુરી કરી પાસ થનાર તાલીમાર્થીઓને હજુ સુધી ટેબલેટ મળ્યા નથી આ અંગે તાલીમી સંસ્થાના વડાને પુછવા છતાં સંતોષકારક જવાબ મળતો નથી તો આ અંગે તાલીમાર્થીઓમાં રોષ જોવા મળે છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં માવઠાએ તૈયાર રવિપાકનો દાટ વાળ્યો

## ખેતરોમાં ઉભા પાક જમીનદોસ્ત થઈ ગયા : વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તુટી પડ્યો

મોડાસા, તા. ૩

સાબરકાંઠા-અરવલ્લીમાં બુધવારે રાતે એકાએક પલટાયેલા વાતાવરણથી માવઠુ થયુ હતુ. બંને જિલ્લામાં કરા સાથે વરસાદ થતાં રવિ પાકને ભારે નુકશાન થયું છે. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં તો ચોમાસાની જેમ વરસાદ તુટી પડતાં ખેડૂતોની હાલત દયનીય બની ગઈ હતી. જિલ્લામાં કમોસમી માવઠુ થતાં જીરૂ, વરીયાળી, ઘઉં તેમજ શાકભાજીના પાકોને ભારે નુકસાન થયું છે.

કેટલીક જગ્યાએ પવન સાથે વરસાદ વરસતા તૈયાર થયેલા ઘઉંનો પાક જમીનદોસ્ત થઈ ગયો હતો. અચાનક થયેલા માવઠાને લીધે ખેડૂતોને ખળામાં પડેલા પાકને બચાવવા માટે દોડધામ કરી મુકી હતી. એકાએક થયેલા હવામાનના પલટાને લીધે જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં ભર ચોમાસાની જેમ વરસાદ તુટી પડ્યો હતો.

જ્યારે કેટલીક જગ્યાએ વીજળીના ચમકારા અને વાદળોની ભારે ગર્જના પણ જોવા મળી હતી. કમોસમી માવઠાને લીધે કેટલીક જગ્યાએ કરા પણ પડ્યા હતા જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

# ધાનેરામાં દબાણો પર મોટા માથાનો કબજો જ્યારે ગરીબ પ્રજાને દબાણ હટાવવાની ધમકી

ધાનેરા, તા. ૩

ધાનેરામાં વિકાસની સાથે મોટા માથાઓ અને માથાભારે વ્યક્તિઓ દ્વારા દુકાનો ઉભી કરી તેમજ તળાવો પર કબજા કરી વર્ષો પુરાની સરકારી જગ્યાઓ હડપ કરી તળાવોના નામ નિશાન મિટાઈ રહ્યા છે. ત્રિકોણીયામાં ગરીબ પ્રજા રોજગાર મેળવી કુટુંબોનું ભરણપોષણ કરતી હતી. તેઓનો રોટલો છીનવી લીધો છે અને કરોડો રૂપિયા ભેગા કરી ખિસ્સા ભર્યાની નવિ તકનીકો અપનાવી ગરીબોની હાય લઈ રહ્યા છે અને હાલ દબાણ હટાવી દેવા ગરીબોને ચેતવણી આપવામાં આવે છે.

એક ગરીબ માણસ પોતાનું ભરણપોષણ કરવા નાનુ દબાણ કરી પોતાનું ઘરનું ભરણપોષણ કરે છે. તેવા અનેક ગરીબોને દબાણ હટાવી પોતાની મનસા પુરી કરવાના ખેલ ખેલાઈ રહ્યા છે તેવું જણાય છે. તો ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં આડેધડ દુકાનો પર કબજા કરી તથા તળાવો પરના કબજા હટાવવામાં આવે એવું ગ્રામ પ્રજા ઈચ્છી રહી છે. ધાનેરામાં રાજકીય ભ્રષ્ટાચાર પણ વધતો રહ્યો છે. અને પોતાના કબજા દબાણો પણ પોતાની રીતે રેકર્ડ પર ચડી રહ્યા છે. આ બાબતે પાલનપુર કલેક્ટરશ્રી તપાસ કરી યોગ્ય ન્યાય ગરીબોને આપે.

# ધાનેરામાં રોડ કામમાં ચાલતો મોટો ભ્રષ્ટાચાર

ધાનેરા નગરપાલિકામાં સરકારશ્રીની કરોડો રૂપિયાની ગ્રાન્ટો ધાનેરાના વિકાસ કામ માટે આવતી હોય છે. પરંતુ ગ્રાન્ટો આવ્યા પછી તુરંત ગમે તે રીતે ગ્રાન્ટો પૂર્ણ કરવા માટે તથા તેમાની ટકાવારી મેળવવા માટે અધિકારીશ્રીમાં ટેન્ડરો આપતા જણાય છે.

ધાનેરામાં તાજેતરમાં પાવનપુરના નરેશ પટેલ નામના કોન્ટ્રાક્ટરને રોડનો કોન્ટ્રાક્ટ આપેલ જેમાં એક કરોડ ઉપરનું કામ હતુ તે બિલકુલ બોગસ સાબિત થયુ છે. જ્યારે તેજ કોન્ટ્રાક્ટરને ફરીથી ૭૦ લાખના ચેકનું કામ કેમ આપ્યું? આ બાબતે વારંવાર સમાચાર પત્રોમાં આવવા છતાં નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખની આંખો ઉઘડતી નથી અને આંખે પાટા બાંધેલ જેવું જણાય છે. કદાચ કરોડોમાં ભાગ પડતા મળતા હશે તેથી?

આ બાબતે ધાનેરાના જાગૃત નાગરિક સેવંતીલાલ શાહે કલેક્ટરશ્રીને આવા બોગસ રોડ કામ માટે ફરિયાદ કરેલ છે. પરંતુ કોઈ ફેર પડતો જણાતો નથી. પ્રજાનો પૈસો આવી રીતે વેડફાય તે પ્રજા સહન કરશે નહિ. આ રોડકામ બાબતે કોન્ટ્રાક્ટરના નાણાં રોકીને રોડ બાબતેની તપાસ કરવામાં આવે તેવું ધાનેરાની પ્રજાનું કહેવું છે.

# પ્રાંતિજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ત્રિ-દિવસીય સંગીત શિબિરનો પ્રારંભ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ કોમર્સ કોલેજ ખાતે ત્રિદિવસીય સંગીત સિબિર કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અનુદાનિત પ્રાંતિજ અધ્યાપક સમાજ સંચાલિત શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ એન્ડ કોમર્ક કોલેજ દ્વારા સંયુક્ત ઉપક્રમે આજથી ત્રિદિવસીય સંગીત શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ પ્રો. કે.એસ. શાસ્ત્રી, ઉદ્‌ઘાટક યોગેશભાઈ ગઢવી, પ્રતાપસિંહ રાઠોડ, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કામેશ્વર પ્રસાદ ઉપસ્થિત રહી કાર્યક્રમને ખુલ્લો મુકી સંગીત શિબિરમાં જુદી જુદી કોલેજમાંથી ભાગ લેનાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે યોગેશભાઈ ગઢવી દ્વારા લોકગીતની એક ઝલકથી વિદ્યાર્થીઓના દિલ જીતી લીધા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન રાજેન્દ્ર એ. પંચાલ અને રાજેન્દ્ર આઈ. ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

### પ્રાંતિજ તાલુકામાં વીજળી પડતા ભેંસનું મોત

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં રાત્રીના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતા વીજળીના કડાકા સાથે કેટલાય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડતા ખેતી ઉપર માઠી અસર જોવા મળી છે. રાત્રીના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતા ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લાના વિસ્તારોમાં પવન ગાજવીજ કડાકા સાથે વરસાદ પડતા ખેતી ઉપર યમછાયા જોવા મળી છે જ્યારે અમીનપુર ગામે રાત્રીના સમયે ગાજવીજ કડાકા પવન સાથે વીજળી પડતા પટેલ ગાંડાભાઈ દેવકરણભાઈના ખેતરમાં આવેલ તબેલામાં લીમડાના ઝાડ નીચે બાંધેલ ભેસ આશરે કિંમત ૨.૬૦ હજારના પીઠ ઉપર વીજળી પડતા ચામડી બળી ગઈ હતી અને પશુનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

# હિંમતનગર સાબરડેરી પાસે કેનાલમાં ન્હાવા પડેલ બાળકનો મૃતદેહ પીલુન્દ્રા કેનાલમાંથી મળ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સાબરડેરી પાસે આવેલ કેનાલમાં ન્હાવા પડેલ આઠ માસના બાળકનો મૃતદેહ પીલુન્દ્રા પાસે આવેલ કેનાલમાંથી મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ સાબરડેરી પાસે આવેલા કેનાલમાં તા. ૧-૨-૨૦૧૬ ને મંગળવારના રોજ વિજય ઝાલાજી મારવાડી ઉં.વ. ૮ કે જે પોતાના ઝુંપડા પાછળ આવેલ હાથમતી જળાશય યોજના કેનાલમાં બપોરના સમયે તેની બહેન અને ભાઈ સાથે ન્હાવા પડ્યો હતો અને ત્રણે જણ પાણીમાં ડુબલા લાગ્યા હતા. ત્યારે બુમાબુમ થતાં આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને બેને બચાવી લેવામાં આવ્યા હતા. જ્યારે પાણીના પ્રવાહમાં આઠ વર્ષનો વિજય પાણીમાં તણાઈ ગયો હતો. જ્યારે હિંમતનગર ડિઝાસ્ટર સ્ટાફ તથા પ્રાંતિજ ડીઝાસ્ટર સ્ટાફ દ્વારા શોધ ખોળ હાથ ધરવામાં આવી હતી. પણ

કોઈ જગ્યાએ પત્તો ના લાગતા જિલ્લા કલેક્ટર દ્વારા સિંચાઈ વિભાગમાં જાણ કરવામાં આવી હતી ત્યારે પ્રાંતિજના પીલુન્દ્રા પાસે કેનાલમાં સેવાળમાં વિંટાયેલ બાળક દેખાતા કેનાલ કર્મચારી દ્વારા ઓફિસમાં જાણ કરી હતી. અને બાળકને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. જ્યારે તેના પિતાને સમાચાર મળતા તેવો પણ ઘટનાસ્થળે દોડી આવતાં બાળકની ઓળખ થઈ હતી. જ્યારે પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે આવી કાર્યવાહી હાથ ધરી મૃતકને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો.